| | |
|---|---|
| રજૂ તારીખઃ | **૧૩/૦૫/૨૦૧૯** |
| દાખલ તારીખઃ | **૧૩/૦૫/૨૦૧૯** |
| ફેંસલ તારીખઃ | **૨૪/૦૪/ ૨૦૨૬** |
| સમયગાળો : | **વર્ષ :૦૬ માસ:૧૧ દીન:૧૧** |

**મજુર અદાલત,સુરત ખાતેના પ્રમુખ અધિકારીશ્રી એચ.ડી.રાજપુરા**

**સાહેબ સમક્ષ**

**રીકવરી (સી–ર)અરજી નં.૬૫/૨૦૧૯**

**(મુળ ટી. અરજી નં. : ૫૪૩/૨૦૦૮)**

**આંક :– ૧૬**

**અરજદારઃ શ્રી અમીત ભીમપદા**

રહે. પ્લોટ નં.૩૪૬,અક્ષાનગર, રેલ્વે ફાટક પાસે,

ઉન પાટીયા,સચીન,સુરત.

C/o સુરત સિલ્ક લેબર યુનિયન, રજી નં.–૧૧૭૭

૧૧૧, ડો.આબેડકર કોમર્શીયલ સેન્ટર,રીંગ રોડ,સુરત.

**વિરૂઘ્ઘ**

**સામાવાળાઃ વૈશાલી સિલ્ક મિલ્સ પ્રા.લી.**

ઠે. પ્લોટ નં.૨૯૦૧/૧, રોડ નં.૨,

સચીન જી.આઈ.ડી.સી.,સચીન,સુરત.

**હાજર રહયા :**

**અરજદાર તરફે : વિઘ્વાન પ્રતિનીઘીશ્રી દિપકભાઈ પીપરોડીયા.**

**સામાવાળા તરફે : વિઘ્વાન વકીલશ્રી હેમંત એમ.દેસાઈ.**

**<u>બાબત:– ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ –૩૩ (સી) (૨)</u>**

**<u>મુજબની વસુલાત અરજી.</u>**

**:: <u>હુકમ</u> ::**

(૧) અરજદારે હાલની અરજી આઈ.ડી.એક્ટ ની કલમ–૩૩(સી) (૨) હેઠળ દાખલ કરેલ છે અરજદાર ની અરજીની સંક્ષિપ્ત હકીકત એવી છે કે,'' અમો અરજદાર સામાવાળાની ઉપરોકત જણાવેલ સંસ્થામાં સને–૨૦૦૦ થી કુલ–૯ વર્ષથી ડાંઈગ ખાતામાં ડ્રમ ઓપરેટર તરીકેના કામના હોદા પર નોકરીની ફરજ બજાવતા આવેલા. (સામાવાળાની સંસ્થા હવે પછી સંસ્થા તરીકે ઓળખાશે.) અમો અરજદાર અમોની નોકરીની ફરજ ખંતપુર્વક, પ્રમાણિકપણે તથા ઈમાનદારી પુર્વક બજાવતા હતા, જેથી સામાવાળાએ અમો અરજદારને નોકરીમાં કાયમી કરેલા, જેથી અમો અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલીકનો સંબંધ છે. અમો અરજદારની નોકરી દરમ્યાનની તમામ કામગીરી નિષ્કલંક હતી. અમો અરજદારને બાર કલાક બદલ સામાવાળાએ માસિક પગાર રૂા. ૫,૨૦૦/– નોકરીમાંથી છુટા કર્યા ત્યારે ચુકવતા આવેલા. સદર કેસ અલગ અલગ વર્ષના સમયગાળા દરમ્યાનનો માસિક પગારની વિગત જણાવી સદર કેસ દાખલ કરેલ છે.અમો અરજદાર સામાવાળાની ફેકટરીમાં તા.૨૬/૦૫/૨૦૦૮ ના રોજ પહેલી પાળીમાં સવારે ૮–૦૦ કલાકે નોકરીની ફરજ પર આવેલા અને ત્યારે મને તથા અન્ય કામદારોને શેઠશ્રી મદનભાઈ તથા શેઠશ્રી અશોકભાઈ એ ઓફીસમાં બોલાવી જણાવેલ કે '' અમો તમારી જગ્યાએ નવા કામદારોને કામે રાખી લીધા છે. જેથી હવેથી તમો બીજે નોકરી શોધી લો અને હવેથી અમોને ત્યાં તમોએ નોકરીમાં આવવું નહી.'' જેથી અમોએ શેઠશ્રીને નોકરીમાં રાખવાની વિનંતી કરેલ, પરંતુ સામાવાળાની સંસ્થાના શેઠશ્રી મદનભાઈ તથા શેઠશ્રી અશોકભાઈ એ અમો અરજદારની કોઈ વાત સાંભળેલ નહી અને તે રોજે સામાવાળાના શેઠશ્રીએ મનેં કોઈપણ જાતના વાંક કે ગુના વિના બચાવની તક આપ્યા વિના કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરી નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર, બોનસ, હકક રજા તથા બાકી પગાર ચુકવ્યા

વિના મૌખિક આદેશથી બી.આઈ.આર. એકટ તથા સ્ટેન્ડીંગ ઓર્ડસની જોગવાઈઓનો ભંગ કરી અમો અરજદારને તાત્કાલીક નોકરીમાંથી કાઢી મુકી રખડતા કરી દીધા છે અને અમો અરજદારને નોકરીમાંથી છુટા કરતા પહેલા કોઈ નોટીસ કે તપાસ કર્યા વગર નોકરીમાંથી છુટા કરેલ છે. અમો અરજદારને નોકરીમાંથી છુટા કરવા અંગે કોઈ લેખીત પત્ર કે નોકરી દરમ્યાનનું કોઈ વળતર પણ આપેલ નથી કે અમોની ખાતાકીય તપાસ પણ કરેલ નથી. સામાવાળાએ અમો અરજદારને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ છે. સામાવાળાનું આ પગલું હાલ પણ આજદીન સુધી ચાલુ રાખેલ છે.અમો અરજદારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે તા.૨૬/૦૫/૨૦૦૮ ના રોજથી નોકરીમાંથી છુટા કરતા અમો અરજદારે આપ નામદાર કોર્ટ સમક્ષ નોકરીમાં પુનઃસ્થાપીત થવા માટે તથા પડેલા દિવસોના પગાર માટે આપ નામદાર અદાલત, સુરતમાં ટી.અરજી નં.૫૪૩/૨૦૦૮ દાખલ કરેલ, જે કેસમાં નામદાર કોર્ટે બંન્ને પક્ષકારોને સાંભળી તા.૦૬/૧૨/૨૦૧૮ નાં રોજ એવો હુકમ ફરમાવેલ કે,'' (૧) અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે. અરજદાર સામાવાળા સંસ્થાના કામદાર હોવાનું અને સામાવાળાએ અરજદારને તા.૨૬–૫–૨૦૦૮ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું ઠરાવવામાં આવે છે. (૨) અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી પડેલા દિવસોના પગારની ૩૦ % લેખે રકમ ચુકવી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા. (૩) અરજદારને આ અરજીના ખર્ચ પેટે સામાવાળાએ અલગથી રૂા.૧,૦૦૦/– ચુકવી આપવા. (૪) આ હુકમની જાણ થયેથી દીન–૩૦ માં હુકમ મુજબની રકમ અરજદારને ચુકવવી તથા હુકમનો અમલ કરવો. આ હુકમ આજરોજ તા.૦૧/૧૨/૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.'' આપ નામદાર કોર્ટે તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ ટી. અરજી નં.૫૪૩/૨૦૦૮ માં હુકમ ફરમાવેલ, તે હુકમની નકલ અમો અરજદારને મળતા અમો અરજદાર અવાર નવાર સામાવાળાની સંસ્થામાં કામની માંગણી માટે તથા નામદાર કોર્ટના હુકમનો અમલ કરવાનું તથા પડેલા દિવસોના પગારના નાણાં તથા અરજીના ખર્ચના નાણાં ચુકવી આપવા માટે સંસ્થા પર અવાર નવાર જતા,

પરંતુ અમો અરજદારને સામાવાળાની સંસ્થાના વહીવટકર્તાશ્રી વોચમેનને કહી અમોને સંસ્થાની અંદર દાખલ થવા દેતા ન હતા અને અમો અરજદાર સામાવાળાની સંસ્થા બહાર બેસી રહેતા, પરંતુ અમોને કોઈ જવાબ કે અમોને નોકરીની ફરજ પર લેતા ન હતા અને સામાવાળાની સંસ્થાના માલીકશ્રીની સુચના કે આદેશ કે હુકમથી અમોને કમ્પાઉન્ડની અંદર દાખલ થવા દેતા ન હતા અને અમો અરજદારને નોકરીની ફરજ પર લેતા ન હતા અને આ સામાવાળાએ આપ નામદાર કોર્ટના હુકમનો અમલ કરેલ નથી, જેથી નાછુટકે અને છેવટે સામાવાળાને તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ હુકમનો અમલ કરવા માટે લેખીત નોટીસ રજી.એ.ડી. પોસ્ટથી રવાના કરવામાં આવેલ, તે પત્રની નકલ સામાવાળાને મળેલ, તે પત્રનો સામાવાળાએ જવાબ કે મને નોકરીની ફરજ પર હાજર કરેલ નહી કે હુકમનો અમલ કરેલ નહી કે પડેલા દિવસોના નાણાં કે હુકમ મુજબના ખર્ચના નાણાં મને ચુકવી આપેલ નહીં. સદર કેસમાં ટી.અરજી નં.૫૪૩/૨૦૦૮ માં આવેલ હુકમની નકલ આંક....../નિ.૧ થી રજુ કરેલ છે તથા તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ સામાવાળાને હુકમનો અમલ કરવા તથા નોકરીની ફરજ પર હાજર કરવા તથા ૩૦ % ટકા પડેલા દિવસોનો પગાર તથા ખર્ચના નાણાં ચુકવી આપવા પત્ર લખેલ તે પત્રની ઓફીસ કોપીની નકલ આ કામમાં આંક......./નિ.૨ થી રજુ કરવામાં આવેલ છે તથા આંક....../નિ.૨ વાળી નોટીસ સામાવાળાને રજી.એ.ડી. પોસ્ટથી રવાના કરવામાં આવેલ, તેની સફેદ પાવટીની અસલ નકલ આ કામમાં આંક....../નિ.૩ થી રજુ કરવામાં આવેલ છે તથા સામાવાળાને આંક.... /નિ.૨ વાળી નોટીસ રજી.એ.ડી. પોસ્ટથી રવાના કરવામાં આવેલ, તે રજી.એ.ડી. નું કવર સામાવાળા ને મળેલ તે બદલના એકલોજમેન્ટ કાર્ડની અસલ નકલ આ કામમાં આંક.....નિ.૪ થી રજુ કરેલ છે.તથા અમો અરજદારે લેબર કોર્ટના હુકમના ભંગ તથા અનાદર બદલ મહે.નાયબ શ્રમ આયુકતશ્રી,સુરતની કચેરીને તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ ફરીયાદ કરેલ,તે ફરીયાદની ઓફીસ કોપીની ઝેરોક્ષ આ કામમાં આંક....નિ.૫ થી રજુ કરવામાં આવેલ છે.નામદાર કોર્ટ તરફથી કરવામાં આવેલ હુકમની જાણ સામાવાળાને થવા છતા સામાવાળા આ હુકમનુ પાલન કરતા નથી.આ સામાવાળાની

સંસ્થા હાલ પણ ચાલુ હોય છતા આ સામાવાળાએ અમો અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરેલ નથી કે પડેલા દિવસોના નાણા પણ ચુકવી આપેલ નથી અને આ સામાવાળા આપ નામદાર કોર્ટનો હુકમનો ભંગ તથા અનાદર કરતા આવેલા છે. જેથી સદર અરજી કરવાની અમો અરજદારને જરૂરીયાત ઉપિસ્થત થયેલ છે. તેમજ અરજદાર ધ્વારા હલાની અરજી ના પેરા – ૦૫ માં પડેલા દિવસોના ના પગારની વગીત તથા રકમ સંદભે ની ગણતરી જણાવેલ છે.

સબબ અમો અરજદાર ધ્વારા હાલની અરજી લાવી દાદ માંગીએ છીએ કે, (૧) અમો અરજદારનાં તરફેણમાં નામદાર મજુર અદાલત, સુરતે ટી.અરજી નં.૫૪૩/૨૦૦૮ માં થયેલ હુકમ મુજબ અમો અરજદારે તા.૨૬/૦૫/૨૦૦૮ થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાના પડેલા દિવસોના પગારના નાણાં ૧૦૦ % ટકા પ્રમાણે રૂા.૧૦,૬૧,૫૦૦/– થાય છે તથા નામદાર કોર્ટના હુકમ મુજબના ૩૦ % ટકા પ્રમાણે રૂા.૩,૧૮,૪૫૦/– થાય છે તથા અરજીના ખર્ચના રૂા.૧,૦૦૦/– આમ બંન્ને મળી કુલ રૂા.૩,૧૯,૪૫૦/– (અંકે રૂપિયા ત્રણ ઓગણીસ હજાર ચારસો પચાસ રૂપિયા પુરા) લેવાના કાયદેસર થાય છે. તે ચુકવી આપવા માટે સામાવાળાને યોગ્ય હુકમ ફરમાવશોજી તથા આ સામાવાળા જયાં સુધી આપ નામદાર કોર્ટનાં હુકમ મુજબ રકમ ન ચુકવી આપે ત્યાં સુધી બેંકનાં પ્રર્વતમાન વ્યાજ સહીત ચુકવવા માટે આપ નામદાર કોર્ટ સામાવાળાને યોગ્ય હુકમ ફરમાવશોજી.(૨) અમો અરજદારને ટી.અરજી નં.૫૪૩/૨૦૦૮ માં થયેલ હુકમનો સંપુર્ણપણે અમલ સામાવાળા પાસેથી કરાવવા હુકમ ફરમાવશોજી. (૩) સામાવાળાની સંસ્થા હાલમાં ચાલુ હોય, જેથી નામદાર કોર્ટના હુકમ મુજબ અમે અરજદારને નોકરીમાં સળંગતા સાથે પુનઃસ્થાપીત કરવા માટે યોગ્ય હુકમ ફરમાવશોજી. (૪)સદરહુ અરજીમાં જરૂર પડે સુધારા–વધારા કરવાનો હકક અમો અરજદાર સબાધિત રાખીએ છીએ. (૫)સદરહુ અરજીમાં આ સિવાય આપ નામદાર કોર્ટને વિશેષ લાગે તે દાદ અમો અરજદારનાં હીતમાં અપાવશોજી. (૬) સદરહુ અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા હુકમ ફરમાવશોજી. ''

**(૨)** સદર કામે સામા વાળાને નોટીસ કરતા સામાવાળાને નોટીસ બજી ગયેલ હોય અને સામાવાળા તરફે વકીલશ્રી હાજર થયેલ હોય પરંતુ ત્યારબાદ સામાવાળા તરફે કોઇ જવાબ રજુ કરતા ન હોય અરજદાર તરફે આંક – ૭ થી અરજી આપતા તે અરજી અન્વયે થયેલ હુકમને આધારે સામાવળાનો જવાબનો હકક બંધ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**(૩)** સદર કામે અરજદાર તરફે આંક – ૯ થી સરતપાસ નુ સોંગદનામું રજુ રાખેલ હોય જેમાં તેના ધ્વારા અરજીની હકકીતો દોહરાવેલાનુ તથા રજુ રાખેલ દસ્તાવેજો રીફર કરેલાનુ જણાઈ આવે છે.

સામાવાળા તરફે ઉલટતપાસ કરતા ન હોય અરજદાર તરફે આંક – ૧૦ થી અરજી આપતા તે અરજી અન્વયે થયેલ હુકમને આધારે સામાવાળાનો અરજદારની ઉલટતપાસનો હકક બંધ થયેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે .

**(૩/૧)** સદર કામે અરજદાર તરફે આંક – ૩, ૫, ૮,૧૨ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

**–: દસ્તાવેજી પુરાવા :–**

| નિશાની | વિગત | તારીખ |
|---|---|---|
| ૩/૧ | ટી.અરજી નં.૫૪૩ /૨૦૦૮ માં નામદાર લેબર કોર્ટે અમોના તરફેણમાં હુકમ ફરમાવેલ તે હુકમની ઝેરોક્ષ નકલ. | ૦૬/૧૨/૨૦૧૮ |
| ૩/૨ | અમો અરજદાર તરફથી સામાવાળાને હુકમનો અમલ કરવા માટે પત્ર લખવામા આવેલ,તે પત્રની ઓફીસ કોપીની નકલ. | ૦૭/૦૧/૨૦૧૯ |

| | | |
|---|---|---|
| ૩/૩ | સી.નં.ર નો પત્ર સામાવાળને રજી.એ.ડી. પોસ્ટથી રવાના કરેલ,જે બદલની સફેદ પાવતીની અસલ નકલ. | |
| ૩/૪ | સી.નં.ર નો પત્ર સામાવાળને રજી.એ.ડી. પોસ્ટથી રવાના કરેલ,જે રજી.એ.ડી.નુ કવર સામાવાળાને મળેલ,તે બદલના એકલોજમેન્ટ કાર્ડની અસલ નકલ. | |
| ૩/૫ | લેબર કોર્ટના હુકમના ભંગ તથા અનાદર બદલ અરજદાર તરફથી નાયબ શ્રમ આયુકતશ્રી,સુરતની કચેરીને પત્ર ફરીયાદ રૂપે લખવામાં આવેલ,તે પત્રની ઓફીસ કોપીની અસલ નકલ. | ૦૭/૦૧/૨૦૧૯ |
| ૫ /૧ | સામાવાળા તરફે ટી.અરજી નં. ૫૪૩ /૨૦૦૮ ના હુકમ વિરુધ્ધ ઔધોગિક અદાલત, સુરતમાં અપીલ(આઈ.સી)નં. ૩૧ /૨૦૧૯ દાખલ કરવામાં આવેલ,તે સામાવાળાની અપીલ રદ કરવામાં આવેલ,તેની ઝેરોક્ષ નકલ. | ૨૭/૦૪/૨૦૨૩ |
| ૮ /૧ | ઔધોગિક અદાલત, સુરતના પરચુરણ (આઈ.સી) અરજી નં. ૨૪ /૨૦૧૯ ના કેસમાં હુકમ ફરમાવેલ,તે હુકમની ઝેરોક્ષ નકલ. | ૦૨/૧૨/૨૦૧૮ |
| ૮ /૨ | ઔધોગિક અદાલત, સુરતના પરચુરણ (આઈ.સી) અરજી નં. ૫૮ /૨૦૨૩ ના કેસમાં હુકમ ફરમાવેલ,તે હુકમની ઝેરોક્ષ નકલ. | ૩૧/૦૧/૨૦૨૪ |
| ૧૨ /૧ | ઔધોગિક અદાલત સુરતના સભ્ય સાહેબશ્રી એચ.એ.શાહ સાહેબે અપીલ (આઈ.સી)નં. ૩૧ /૨૦૧૯માં અમોના તરફેણમાં હુકમ ફરમાવેલ, તે હુકમની ઓનલાઈન ઈ–કોર્ટ ની વેબસાઈડ પરથી કાઢેલ નકલ. | ૩૧/૦૫/૨૦૨૫ |

ત્યારબાદ અરજદાર તરફે વધુ કોઈ પુરાવો રજુ ન કરતા આંક – ૧૩ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાય આવે છે.

**(૩/૨)** ત્યારબાદ કામ સામાવાળાના પુરાવા ઉપર આવતા સામાવાળા તરફે કોઈ સાક્ષી પુરાવો રજુ કરતા ન હોવાથી અરજદાર તરફે આંક – ૧૪ થી સામાવાળાનો પુરાવાનો હ્કક બંધ કરવાની અરજી આપતા તે અરજી લગત હુકમ કરી સામાવાળાનો પુરાવાનો હક્ક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

**(૪)** ત્યારબાદ સદર કામ દલીલ ઉપર આવતા અરજદાર વિ.પ્રતિનીધીશ્રી ધ્વારા હર્ડ ગણવા જણાવેલ હોય અને સામાવાળા તરફે દલીલ માટે કોઈ હાજર ન રહેતા અરજાદર તરફે આંક – ૧૫ થી અરજી આપતા તે અરજી અન્વયે થયેલ હુકમને આધારે સામાવાળાનો દલીલનો હકકબંધ થયેલાનુ રેકર્ડ જોતા જણાય આવે છે.

**(૫)** આ કામે રેકર્ડ ઉપરની હકીકતે રજુ થયેલ પુરાવા તેમજ દલીલો ધ્યાને લેતા આ અરજીના ન્યાયનિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

**૧. શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી આંક–૧ ની અરજીમાં જણાવેલ લેણી રકમ મેળવવા તથા માંગ્યા મુજબની અન્ય દાદ મેળવવા હક્કદાર છે?**

**૨. શું હુકમ?**

**ઉપરોકત મુદાઓ પરત્વેના મારા ર્નિણય નીચે મુજબ છે.**

**:: નિર્ણયો ::**

**૧. અંશતઃ હકારમાં.**

**૨. આખરી હુકમ મુજબ.**

## :: કારણો ::

**<u>મુદા નં. ૧ :</u>**

**(૬)** સદર કામે જોઈએ તો, અરજદાર તરફે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ – ૩૩(સી)(૨) અન્વયે કરેલ હોયસદર કામે સૌપ્રથમ તે કલમ વંચાણે લઈએ તો,–

**કલમ –૩૩ (સી) : – માલિક પાસે લેણી રકમની વસુલાત :–**

(૧)........

**(૨)** કોઈ કામદાર, માલિક પાસેથી કંઈ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય અવો કોઈ લાભ મેળવવા હકદાર હોય, ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતા થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય, સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તો મજુર કોર્ટ આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમોને આધીન રહીને ત્રણ મહીના કરતા વધુ ન હોય તેટલી મુજબની અંદર કરી શકાશે.

પરંતુ મજુર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવુ જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે, તે લેખિત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદ્દત સુધી આવી મુદ્દત લંબાવી શકશે.

(૩)........

(૪)........

(૫)........

ઉપરોક્ત કલમ લક્ષમાં લેતા કામદાર માલિક પાસેથી કોઈ રકમ મેળવવા હકકદાર હોય અથવા તો કોઈ લાભ કે જેની નાણાંમાં ગણતરી કરી શકાય તે મેળવવા હક્કદાર હોય અથવા તો કોઈ લાભ કે જેની નાણામાં ગણતરી કરી શકાય તે મેળવવા હક્કદાર હોય તો તેવી રકમ અથવા લાભના આધારે મળવાપાત્ર થતી રકમની વસુલાત માટે માલિક વિરૂધ્ધ અરજી કરી શકે છે. આ કલમ હેઠળ અરજી કરવા માટે કામદારની તરફેણમાં હક્ક પ્રસ્થાપિત થયેલો હોવો જરૂરી બને છે અથવા તો કામદાર કોઈ લાભ મેળવવા

હકકદાર હતો તેવુ પ્રથમથી નક્કી થયેલુ હોવુ જરૂરી બને છે. તે જ રીતે માલિક અને કામદાર વચ્ચે નોકરીની શરતો આધારે કોઈ લાભ કે રકમ કામદારને મળવાપાત્ર થતી હોય તો તે રકમ સીધેસીધી કામદાર આ કલમ હેઠળ અરજી કરી મેળવી શકે છે. કોઈ સમાધાન કે એવોર્ડ આધારે મળવાપાત્ર થતા લાભ કે લેણી થતી રકમ પણ વસુલ મેળવવા માટે કામદાર આ કલમ હેઠળ અરજી કરી શકે છે. કલમ–૩૩(સી)(૨) હેઠળની અરજીમાં મજુર અદાલતને એક્ઝીક્યુટીવ કોર્ટના પાવર્સ મળેલા છે. કોર્ટ પક્ષકારો વચ્ચેની ગંભીર રીતે વિવાદીત બાબતો કે જેના માટે બંને પક્ષકારો તરફે વિસ્તૃત પુરાવો રજુ કરવા જરૂરી બને તે બાબતોનો નિર્ણય આ કલમ હેઠળ કરી શકે નહી.

આમ ઉપરોક્ત જોગવાઈ લક્ષમાં લેતા અરજદારની અરજીની હકીકત જોઈએ તો, અરજદાર દ્વારા સદર કામના સામાવાળા સામે ટી. અરજી નંબર – ૫૪૩ /૨૦૦૮ દાખલ કરેલ હોય અને તે કામે થયેલ હુકમ ને આધારે સદરહુ રીકવરી અરજી કરેલ હોય અને ટી અરજી નંબર–૫૪૩ /૨૦૦૮ ના કામે તારીખ :– ૦૬/૧૨/૨૦૧૮ ના રોજ થયેલ આખરી હુકમ ની કોપી અરજદાર તર્ફે નિશાની–૩/૧ થી રજુ રાખેલ હોય જે હુકમ જોઈએ તો,

**:: હુકમ ::**

**(૧) અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે. અરજદાર સામાવાળા સંસ્થાના કામદાર હોવાનુ અને સામાવાળાએ અરજદારને તા.૨૬–૫–૨૦૦૮ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનુ ઠરાવવામાં આવે છે.**

**(૨)અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી પડેલા દિવસોના પગારની ૩૦% લેખે રકમ ચુકવી નોકરીમાં પુન:સ્થાપિત કરવા.**

**(૩) અરજદારને આ અરજીના ખર્ચ પેટે સામાવાળાએ અલગ થી રુા. ૧,૦૦૦/– ચુકવી આપવા.**

**(૪)આ હુકમની જાણ થયેથી દિન.૩૦ માં હુકમ મુજબની રકમ અરજદારને ચુકવવી તથા હુકમનો અમલ કરવો.**

ઉપરોકત ટી. અરજીના કામે થયેલ હુકમને સામાવાળા તરફે નામદાર ઔધોગિક અદાલત સુરત સમક્ષ અપીલ(આઈ.સી)નં.૩૧/૨૦૧૯ દાખલ કરી પડકારેલ હોય અને ઉપરોકત અપીલના કામે થયેલ હુકમની કોપી અરજદાર તરફે નીશાની ૫ /૧ થી રજુ રાખેલ હોય જે હુકમ જોય એ તો,–

**હુકમ**

**(૧) એપેલેન્ટની હાલની અપીલ તેઓની ગેરહાજરી અને નિષ્કાળજીમાં ખર્ચ સહ રદ (ડીસમીસ)કરવામાં આવે છે.**

**(૨) અધિક્ષકશ્રીએ તાત્કાલીક ટી.અરજી નં.૫૪૩/૨૦૦૮ ના કામે આ અપીલના હુકમની એક નકલ મજુર અદાલત,સુરતને મોકલી આપવા હુકમ છે.**

**(૩) ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં લખી,વાંચી,સંભળાવી જાહેર કર્યો.**

ઉપરોકત અપીલના કામે થયેલ હુકમ બાદ સામાવાળા ધ્વારા નામદાર ઔધોગિક અદાલત સુરત સમક્ષ પરચુરણ અરજી (આઈ.સી) નં. ૫૮/૨૦૨૩ દાખલ કરેલ હોય અને તે પરચુરણ અરજીના કામે થયેલ હુકમ સદર કામે અરજાદર તરફે નીશાની ૮/૨ થી રજુ રાખેલ હોય જે હુકમ જોય એ તો,–

**–:: હુકમ ::–**

**(૧) અરજદારની સદરહુ પરચુરણ અરજી મંજુર કરવામાં આવે છે.**

**(૨) અરજીના સંજોગો જોતા અરજદાર સંસ્થાએ રૂ.૨,૦૦૦/– (અંકે રુપીયા બે હજાર પુરા) દિન ૩૦ માં સામાવાળાને ચુકવી આપ્યેથી અપીલ રેકર્ડ પર લેવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૩) પક્ષકારોએ વિના વિલંબે હાજર રહી અપીલ ચલાવવી.**

ઉપરકોત પરચુરણ અરજીના કામે થયેલ હુકમને આધારે સામાવાળા દ્વારા જે તે સમયે નામદાર ઔધોગીક અદાલત સુરત મુકામે દાખલ કરેલ અપીલ (આઈ.સી) નં.૩૧/૨૦૧૯ ના કામે ફરી તારીખ–૩૧/૦૫/૨૦૨૫ ના રોજ થયેલ હુકમ ની કોપી અરજદાર તરફે નીશાની૧૨/૧ થી રજુ રાખેલ હોય જે હુકમ જોય એ તો,–

**:: હુકમ ::**

**(૧) અપીલ ખર્ચ સહ રદ કરવામાં આવે છે.**

**(૨) ટી.અરજી નં.૫૪૩/૦૮ નો મજુર અદાલત,સુરત નો તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ આંક –૧૯ નો કરેલ હુકમ કાયમ કરવામાં આવે છે.**

**(૩) અધિક્ષકશ્રીએ ટી.અરજી નં.૫૪૩/૦૮ નુ રેકર્ડ તથા આ અપીલના હુકમની એક નકલ મજુર અદાલત,સુરતને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૪) અધિક્ષકશ્રીએ આ ચુકાદાની નકલ પક્ષકારોને મોકલી આપવી.**

આમ ટી. અરજી નંબર – ૫૪૩/૨૦૦૮ ના કામે આંક – ૧૯ થી તારીખ ૦૬/૧૨/૨૦૧૮ ના રોજ થયેલ ઉપરોકત હુકમ ને આધારે અરજદાર દ્વારા તેના પડેલા દિવસોના ૩૦% પગારની રકમ મેળવવા સારુ કરેલ હોય અને અરજદાર તરફે પોતાની અરજીની હકીકતના સમર્થનમાં આંક – ૯ થી સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ હોય અને સામાવાળા તરફે અરજદારની ઉલટતપાસ ન કરતા અરજદાર તરફે આંક – ૧૦ થી અરજી આપતા સામાવાળાનો અરજદારની ઉલટતપાસ કરવાનો હક્કબંધ થયેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે. આમ અરજદાર તરફે સોગંદનામામાં અરજીની

હકીકતોને સમર્થન કરેલ હોય અને સામાવાળા દ્વારા અરજદારે આંક–૧ ની અરજી તથા તે સંદર્ભે આંક – ૯ થી રજુ રાખેલ સરતપાસના સોગંદનામા માં જણાવેલ હકીકતને પડકારેલ હોય કે તેનાથી વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી. તેમજ સદર કામે સામાવાળા તરફે વી.વ.શ્રી હાજર થયેલ હોય પરંતુ ત્યારબાદ સામાવાળા તરફે અરજદાર ની અરજી સંદર્ભે કોઈ જવાબ રજુ કરેલ હોય, અરજદારની ઉલટ તપાસ કરેલ હોય કે તેના ધ્વારા કોઈ પુરાવા રજુ રાખેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી. તેમજ સામાવાળા ધ્વારા ટી. અરજી નંબર :– ૫૪૩ /૨૦૦૮ ના કામે આંક – ૧૯ થી આખરી હુકમ સંદર્ભે **નામદાર ઔદ્યોગીક અદાલત સુરત મુકામે દાખલ કરેલ અપીલ (આઈ.સી)નં. ૩૧ /૨૦૧૯** ના કામે **તારીખ:– ૩૧/૦૫/૨૦૨૫ ના રોજ થયેલ હુકમને નામદાર હાયર ફોરમ સમક્ષ પડકારેલ હોય કે ટી. અરજી ના કામે થયેલ હુકમનુ ત્યારબાદ પાલન કરી દીધેલ હોય તેવી** તેવી કોઈ હકીકત કે પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ હોય કે લાવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી.

આમ ઉપરોક્ત તમામ હકીકતો તથા રેકર્ડ લક્ષમાં લેતા તથા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા અરજદાર તરફે હાલની અરજી ટી.અરજી નંબર ૫૪૩ /૨૦૦૮ ના કામે આંક – ૧૯ થી તારીખ :– ૦૬/૧૨/૨૦૧૮ ના રોજ થયેલ આખરી હુકમ ને આધારે કરેલ હોય અને જે હાલમાં પણ અમલમાં હોવાનું જણાય આવતું હોય અને અરજદાર દ્વારા રજુ કરેલ પુરાવો તથા હકીકતોનું ખંડન કરતો કોઈ પુરાવો કે હકીકત સામાવાળા દ્વારા રેકર્ડ ઉપર લાવેલ ન હોય ત્યારે ટી. અરજી નંબર ૫૪૩ /૨૦૦૮ ના કામે આંક – ૧૯ થી તારીખ:– ૦૬/૧૨/૨૦૧૮ ના રોજ થયેલ આખરી હુકમ (નીશાની – ૩/ ૧ ) મુજબ પડેલા દિવસોના ૩૦% રકમ મેળવવાનો અરજદારનો પ્રસ્થાપિત હક્ક હોવાનું ઉપરોક્ત તમામ

હકીકતો લક્ષમાં લેતા જણાય આવે છે. સદર કામે જોઈએ તો ટી. અરજી નંબર – ૫૪૩ /૨૦૦૮ ના કામે આંક –૧૯ થી તારીખ ૦૬/૧૨/૨૦૧૮ ના રોજ થયેલ આખરી હુકમ ની કોપી અરજદાર તરફે નીશાની – ૩/ ૧ થી રજુ રાખેલ હોય જે લક્ષમાં લેતા તેમા અરજદાર ધ્વારા તેનો માસીક પગાર રુપીયા ૫,૨૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર બસો પુરા) હોવાનુ જણાવેલાનું જણાય આવે છે તે ખોટો છે કે તેનાથી વિરૂધ્ધની હકીકત કે પુરાવો સદર કામે સામાવાળા તરફે રેકર્ડ ઉપર રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી. જ્યારે સદર કામે અરજદાર તરફે તેની આંક - ૧ ની અરજી સાથે ગણતરી સંદર્ભેનુ કોઈ એનેક્ષર કે પરિશિષ્ટ અલગથી રજુ કરેલ હોય તેવુ જણાય આવતુ નથી પરંતુ અરજદાર દ્વારા તેની આંક - ૧ ની અરજીમાં પેજ નં. ૫ ઉપર ગણતરી કરેલ હોય અને તે મુજબ અરજદારના કહેવા પ્રમાણે પડેલા દિવસોના પગારના ૩૦% પ્રમાણે રૂા.૩ ,૧૯,૪૫૦/– (અંકે રુપીયા ત્રણ લાખ ઓગણીસ હજાર ચારસો પચાસ પુરા) થતા હોય અને જે મેળવવા તેઓ હક્કદાર છે, પરંતુ સદર કામે અરજદાર દ્વારા કરેલ ગણતરી લક્ષમાં લેતા અરજદાર દ્વારા પગારમાં વધારો થતો આવેલ હોય તેમ જણાવી પગારમાં વધારો બતાવેલ છે પરંતુ પગારમાં કરેલ વધારો શેના આધારે કરેલ છે કે કઈ રીતે કેટલો વધારો ગણેલ છે તેના સમર્થનમાં કોઈ હકીકત જણાવેલ હોય કે કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય, તેમજ કહેવાતો વધારો સંસ્થા ના કયા નીતી–નીયમો ને આધારે કરેલ છે તે સંદર્ભે ના પણ કોઈ પ્રથમ દર્શનીય પુરાવા રજુ કરેલ હોય કે તે સંદર્ભે ની કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ હોય તેવુ અરજદાર ની અરજી તથા સોંગદનામુ લક્ષમાં લેતા જણાઈ આવતુ નથી. ત્યારે અરજદાર ધ્વારા જે પણ કોઈ વધારો માગેલ છે તે મેળવવા હકકદાર છે કે કેમ તે એક તકરારી વીષય વસ્તુ હોય, તેમજ ટી. અરજી ના કામે થયેલ હુકમ માં પણ અરજદારના પગાર વધારા સંદર્ભે કોઈ હુકમ થયેલ હોય તેવુ જણાય આવતુ ન હોય ત્યારે અરજદાર દ્વારા પગારમાં

વધારો થતો આવેલ હોય તેના આધારે કરેલ ગણતરી મુજબની રકમ તે મેળવવા હક્કદાર થતા હોવાનુ કે જણાવ્યા મુજબનો વધારો મેળવવા તે હક્કદાર હોવાનુ માનવુ ન્યાયોચિત્ત જણાય આવતુ નથી.

**પરંતુ અરજદાર દ્વારા ટી.અરજી નં.૫૪૩/૨૦૦૮ ના કામે થયેલ હુકમ ને આધારે જે સમયગાળાની રકમની માંગણી કરેલ છે તે જોઈએ તો, તા.૨૬/૦૫/૨૦૦૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળો હોય અને જે સમયગાળો ખોટો છે તે બાબતેની કોઈ તકરાર સામાવાળા તરફે લીધેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય ત્યારે તે સમયગાળો જોતા ૧૩૦ મહિના થતા હોય અને અરજદાર દ્વારા તેનો પગાર ટી. અરજી ના કામે ૫,૨૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર બસો પુરા) જણાવેલ હોય જે પ્રમાણે ૧૩૦ મહિનાનો ૧૦૦% પગાર જોઈએ તો રૂપિયા ૬,૭૬,૦૦૦/– (અંકે રુપીયા છ લાખ છયોતેર હજાર પુરા) થતો હોય અને જેના આધારે ટી. અરજી ના કામે થયેલ આખરી હુકમ પ્રમાણે ૩૦% લક્ષમાં લેતા રૂ.૨,૦૨,૮૦૦/– (અંકે રુપીયા બે લાખ બે હજાર આઠસો પુરા) અરજદાર સામાવાળા પાસેથી મેળવવા હકકદાર હોવાનુ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા જણાઈ આવે છે.**

અરજદાર દ્વારા તેની લેણી રકમ ઉપર વ્યાજ ની માંગણી કરેલ છે તે સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટનો MANAGER, NAAZ CINEMA V/s. VASANTBEN RAMESHBHAI GHUMADIYA W/D OF RAMESHBHAI RAIJIBHAI GHUMADIYA. ( SPECIAL CIVIL APPLICATION No. 7819 of 2008) તથા ઉપરોક્ત હુકમ સામે થયેલ એલ.પી.એ. સંદર્ભેનો નામદાર ગુજરાત હાઈકોર્ટના ડીવીઝન બેંચના MANAGER, NAAZ CINEMA V/s. VASANTBEN RAMESHBHAI GHUMADIYA W/D OF RAMESHBHAI RAIJIBHAI GHUMADIYA.( LETTERS PATENT APPEAL No. 1198 of 2009 In SPECIAL CIVIL APPLICATION No. 7819 of 2008) ચુકાદામાં

પ્રસ્થાપિત સિધ્ધાંતો અને સામાવાળાનાએ દાખવેલ બેદરકારી અને નિષ્કાળજી લક્ષમાં લેતા અને અરજદારની કાયદેસરની લેણી રકમ સામાવાળાએ અટકાવી રાખેલ હોય તેમજ ઉપરોક્ત તમામ હકીકતો અને આઈ.ડી.એક્ટ બેનીફીસીયરી કાયદો હોય ત્યારે હાલના કેસની હકીકતો તેમજ પ્રર્વતમાન બેંક રેટ ધ્યાને લેતા અરજદાર તેની બાકી લેણી નિકળતી રકમ ઉપર વાર્ષિક ૦૬% લેખે સાદુ વ્યાજ મેળવવા હક્કદાર હોવાનું અમોનું નમ્રપણે માનવુ છે. આમ, ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લઈ મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧) અરજદારની હાલની અરજી અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. અને અરજદાર તેની સામાવાળા પાસેથી લેણી નિકળતી રકમ રૂ.૨,૦૨,૮૦૦/– (અંકે રુપીયા બે લાખ બે હજાર આઠસો પુરા) તથા તેના ઉપર હાલની અરજી તારીખથી ૦૬% લેખે સાદુ વ્યાજ સામાવાળાઓ પાસેથી મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે. અને સામાવાળાઓએ અરજદારની ઉપરોક્ત લેણી રકમ તથા તેના ઉપર થતુ વ્યાજની રકમ અને ટી. અરજી ના કામે થયેલ હુકમ મુજબ અરજી ખર્ચ ના રુ. ૧,૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા) હુકમ થયેથી દિન–૩૦ માં ચુકવી આપવી.**

**(૨) અરજદારને હાલની અરજીના ખર્ચ પેટે સામાવાળાનાએ રૂપિયા ૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) અલગ થી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૩) અત્રેની કચેરી ધ્વારા સંબંધીત પક્ષકારોને સદરહુ હુકમની નકલ આપવા/જાણ કરવા અંગે નિયમ અનુસાર ત્વરીત કાર્યવાહી કરવી. તેમજ વધુમાં ભવિષ્યમાં હુકમની વકીલ/પ્રતિનિધિ શ્રીઓ ધ્વારા જાણ કરેલ નથી તે**

**સંદર્ભે પક્ષકારો ધ્વારા તકરાર ઉપસ્થિત કરવામાં ન આવે અને અરજદારને હેરાન ન થવુ પડે તે કારણોસર થઈ સદરહુ હુકમની પક્ષકારોને તેઓના વકીલ/પ્રતિનિધિશ્રીઓ ધ્વારા પણ જાણ કરવાની રહશે.**

**હુકમ આજરોજ તારીખ :– ૨૪/૦૪/ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**સ્થળ : સુરત.**
**તારીખ : ૨૪/૦૪/ ૨૦૨૬**

**(હાર્દિક દિલીપભાઈ રાજપુરા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત (એસ.ડી.) નંબર (૪),**
**સુરત.**
**જી.જે.૦૧૨૯૧**